ગાંધીનગર સમાચાર

ભારત-જાપાન સંબંધો વધુ ઘનિષ્ઠ બનાવાશે

સંરક્ષણ-ટેકનોલોજી સહિત અનેક સમજુતી ઉપર હસ્તાક્ષર : ન્યુક્લીયર એનર્જી કો-ઓપરેશન દિશામાં પણ પ્રગતિ થઈ

ટોકિયો, તા. ૧

ભારત અને જાપાન આજે વ્યુહાત્મક સંબંધોને વધુ મજબુત કરવા સહમત થયા હતા. અનેક સમજુતી ઉપર સહિ સિક્કા પણ થયા હતા. જાપાનની ઐતિહાસિક યાત્રાએ ગયેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન શિંજો આબે વચ્ચે અનેક સમજુતી ઉપર હસ્તાક્ષર થયા હતા. ટેકનોલોજી અને સંરક્ષણ ક્ષેત્રમાં આગળ વધવા બન્ને સહમત થયા હતા. ભારત અને જાપાન પરમાણુ સમજુતી ઉપર સહિ સિક્કા કરવામાં સફળ રહ્યા ન હતા. પરંતુ અન્ય તમામ ક્ષેત્રોમાં આગળ વધવા રાજી થયા હતા. પરમાણુ કરાર ઉપર પણ આગળ વધવા સહિતની બાબતો ઉપર સહમત થયા હતા. જાપાન અને ભારતે સમસ્યાના સમાધાન માટે પારસ્પરિક સહકાર ઉપર રાજી થયા હતા. જાપાની વડાપ્રધાન શિંજો અને મોદી વચ્ચે શિખર મંત્રણા થઈ હતી જેમા અનેક મુદ્દાઓ ઉપર સહમતી થઈ હતી. ન્યુક્લીયર એનર્જી કો-ઓપરેશન ઉપર સમજુતીને લઈને પણ વાતચીતને આગળ વધારવા સમજુતી

થઈ હતી. વાતચીત થયા બાદ બન્ને દેશોના વડાપ્રધાને સંયુક્ત નિવેદન જારી કર્યું હતું. મોદીની પાંચ દિવસની યાત્રાના આજના દિવસે બન્ને દેશો તેમના સદી જુના સંબંધોને આગળ લઈ જવા નવી શરૂઆત કરવા સહમત થયા હતા. ગ્લોબલ પાર્ટનરશીપ માટે ટોક્યો ડિકલેરેશન ઉપર પણ સહિ સિક્કા થયા હતા.

ભારત અને જાપાન વચ્ચે રાજકીય અને સુરક્ષા સહકાર ઉપર સમજુતી થઈ હતી. મોદીએ સંયુક્ત નિવેદન વેળા કહ્યું હતું કે, જાપાન આવવાની તક મળ્યા બાદ તેઓ ખૂબ જ ખુશ છે. અમારી વિદેશ નીતિમાં જાપાનની પ્રાથમિકતા રહેશે. તેમણે એમપણ કહ્યું હતું કે, ભારતના વિકાસ અને પરિવર્તનમાં જાપાનની ભૂમિકા રહેશે. બન્ને દેશો સોશિયલ ગ્લોબલ પાર્ટનરશીપના આધાર ઉપર આગળ વધશે. આવનાર સમયમાં જાપાનમાં બે લાખ ૧૦ હજાર કરોડનું રોકાણ કરાશે. જાપાની વડાપ્રધાને કહ્યું હતું કે, ભારત અને જાપાનના સંબંધ ઐતિહાસિક છે. મોદીના આગમનથી આ સંબંધ વધુ મજબુત થયા છે.ટોક્યોમાં શિખર બેઠક બાદ સંયુક્ત નિવેદનમાં બન્ને નેતાઓએ કહ્યું હતું કે, મેરીટાઈમ સુરક્ષા સહિત સંરક્ષણ સહકાર અને સર્વગ્રાહી સુરક્ષા ઉપર બન્ને દેશો સમ્મત થયા છે. ભારતના જાપાનના મૂડીરોકાણને વધારવાની વાત પણ થઈ હતી. મોદીએ તેમને આમંત્રણ આપવા બદલ શિંજોનો આભાર માન્યો હતો અને કહ્યું કે, વડાપ્રધાન બન્યાના ૧૦૦ દિવસની અંદર જાપાનની મુલાકાત લેવાની તેમને તક મળી છે. ગ્લોબલ પાર્ટનરશીપને લઈને છેલ્લા કેટલાક દિવસથી ચર્ચા ચાલી રહી હતી. મોદીની ઐતિહાસિક પાંચ દિવસની યાત્રાના ત્રીજા દિવસે શિંજો સાથે શિખર મંત્રણા થઈ હતી. દ્વિપક્ષીય સંબંધો ખૂબ જ મહત્વપૂર્ણ છે. મોદી સાથેની બેઠક બાદ જાપાનના વડાપ્રધાને કહ્યું હતું કે, અમારા દ્વિપક્ષીય સંબંધો પર હવે વિશ્વની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. પરમાણુ સમજુતીની દિશા પર અમે આગળ વધી રહ્યા છીએ. બુલેટ ટ્રેન જેવા પ્રોજેક્ટો પર વધુ સહકાર કરવા અમે રાજી થયા છીએ.

નરેન્દ્ર મોદીના વિસ્તારવાદ સુચનને લઈ ચીન સાવધાન

બેઝિંગ,તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જાપાનમાં ચીનના નામનો ઉલ્લેખ કર્યા વગર વિસ્તારવાદની કેટલાક દેશો તરફ આંગળી ચીંધ્યા બાદ ચીને સાવધાનીપૂર્વકની પ્રતિક્રિયા આપી છે. ચીને આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, નરેન્દ્ર મોદીનો ઈશારો કઈ તરફ હતો અને તેઓ શું કહેવા માંગતા હતા તે અંગે હજુ સુધી વધુ માહિતી મળી શકી નહતી. પરંતુ ચીને કહ્યું હતું કે, મોદી અગાઉ ભારત અને ચીન વ્યુહાત્મક પાર્ટનરો છે તેવી વાત કરી ચુક્યા છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જાપાનની મોદીની યાત્રા દરમિયાન તેમના દ્વારા કરવામાં આવેલા વિસ્તારવાદના નિવેદન અંગે પૂછવામાં આવતા કહ્યું હતું કે, નરેન્દ્ર મોદીની જાપાન યાત્રાની અમે નોંધ લીધી છે. મોદી શું કહી રહ્યા હતા તે અંગે અમે જાણવાના પ્રયાસ કરી રહ્યા છીએ.તેમણે ઉમેર્યું હતું કે, સામાન્ય વિકાસ માટે ભારત અને ચીન વ્યુહાત્મક પાર્ટનરો છે. સમગ્ર વિશ્વ અને માનવજાતના કલ્યાણ માટે બન્ને દેશો વચ્ચેના સંબંધ મહત્વપૂર્ણ છે. મોદીએ અગાઉ આવી વાત કરી હતી. બીજીબાજુ આજે જાપાન યાત્રાના ત્રીજા દિવસે મોદીએ કેટલાક દેશોને વિસ્તારવાદના વલણની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, કેટલાક દેશો અન્ય દેશોની સરહદમાં ઘુસણખોરી કરી રહ્યા છે. કેટલાક દેશોના દરિયામાં ઘુસણખોરી કરી રહ્યા છે. વિશ્વ બે ભાગમાં વિભાજીત છે. જેમાં વિકાસવાદ અને વિસ્તારવાદનો સમાવેશ થાય છે. મોદીએ કહ્યું હતું કે, બુદ્ધના માર્ગ ઉપર આગળ વધી રહેલા લોકો વિકાસવાદમાં વિશ્વાસ ધરાવે છે. પરંતુ કેટલાક દેશો ૧૮મી સદીના વિસ્તારવાદમાં જ રસ ધરાવે છે. મોદીએ ચીનને ટાર્ગેટ બનાવીને પરોક્ષરીતે આ પ્રતિક્રિયા કરી હોવાની વાત આજે મીડિયામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ચીન જાપાન અને ભારત તથા વિયેતનામ સહિતના દેશો સાથે સરહદી વિવાદો ધરાવે છે. ચીનના પ્રમુખ ઝિંગ પિંગની ભારત યાત્રા પહેલા જાપાનની મોદી યાત્રાને કઈ રીતે જોવામાં આવે છે તે અંગે પૂછવામાં આવતા ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે, ચીન અને ભારત મોટા દેશો છે. બન્ને દેશો શાંતિપૂર્ણ વિશ્વના સિદ્ધાંતોમાં વિશ્વાસ રાખે છે. બ્રિક્સ શિખર બેઠક દરમિયાન ચીની પ્રમુખ મોદીને મળી ચુક્યા છે.

વિજય માલ્યા આખરે ડિફોલ્ટર તરીકે જાહેર

નવી દિલ્હી,તા. ૧

સરકારી યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયાએ આજે દેવામાં ડુબેલા કિંગફિશર એરલાઈન્સ અને તેના પ્રમોટર વિજય માલ્યાને વીલફૂલ ડિફોલ્ટર તરીકે જાહેર કર્યા હતા. યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા માલ્યાને ડિફોલ્ટર જાહેર કરનાર પ્રથમ ધીરાણદાર બેંક બની છે. યુનાઈટેડ બેંક ઓફ

ઈન્ડિયાના કારોબારી ડિરેક્ટર દીપક નારંગે કહ્યું હતું કે, અમે વિજય માલ્યા અને અન્ય ત્રણ કિંગફિશરના ડિરેક્ટરોને વીલફૂલ ડિફોલ્ટર જાહેર કરી ચુક્યા છીએ. જીઆરસીએ રવિ નેદુનગડી, અનિલકુમાર ગાંગુલી અને સુભાષ ગુપ્તેને પણ વીલફૂલ ડિફોલ્ટર તરીકે જાહેર કર્યા છે. આ જાહેરાત કરવામાં આવ્યા બાદ આ ચાર લોકો અને કંપની ભવિષ્યમાં આ બેંક પાસેથી લોન મેળવી શકશે નહીં. આ તમામ લોકો કંપનીમાં ડિરેક્ટર સ્તરની પોઝિસન ધરાવે છે. જો જરૂર પડશે તો આ તમામની સામે ફોજદારી કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે. નારંગે કહ્યું હતું કે, જીઆરસીના નિર્ણયથી નાણાં મંત્રાલય, રિઝર્વ બેંક અને સેબીને પણ વાકેફ કરવામાં આવ્યા છે. જીઆરસીની બેઠક કોલકત્તા હાઈકોર્ટના નિર્ણય બાદ બોલાવવામાં આવી હતી.

જીડીપી આંક વચ્ચે નિફ્ટીએ ૮,૦૦૦ની સપાટીને કુદાવી

મુંબઈ, તા. ૧

શેરબજારમાં આજે રેકોર્ડ ઉંચી સપાટી જોવા મળી હતી. નિફ્ટીએ પ્રથમ વખત ૮૦૦૦ની જાદુઈ સપાટી કુદાવી લીધી હતી. જીડીપીના આંકડા વચ્ચે નિફ્ટી ૮૦૦૦થી ઉપર બંધ રહેતા કારોબારીઓ ખુશખુશાલ દેખાયા હતા. જીડીપીના પ્રથમ ત્રિમાસિક ગાળાના આંકડા અપેક્ષા કરતા વધુ સારા રહ્યા બાદ આજે કેપિટલ ગુડ્સ અને બેંકના શેરમાં જોરદાર તેજી જામી હતી. સેન્સેક્સ કારોબારના અંતે ૨૨૯ પોઈન્ટ ઉછળીને ૨૬૮૬૮ની સપાટીએ રહ્યો હતો. સેન્સેક્સ પણ ૨૭ હજારની દિશામાં આગળ વધી રહ્યો છે. ઈન્ટ્રા-ડે દરમિયાન સેન્સેક્સ એક વખતે ૨૬૯૦૦ સુધી પહોંચી ગયો હતો. જ્યારે નિફ્ટી કારોબારના અંતે ૭૩ પોઈન્ટ સુધરીને ૮૦૨૮ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ૮૦૩૫ની સપાટીએ ઈન્ટ્રાડે દરમિયાન પહોંચ્યો

હતો. બેંક નિફ્ટી પ્રથમ વખત ૧૬૦૦થી પર બંધ રહ્યો હતો. આ વર્ષે જુનમાં પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં ભારતના જીડીપીનો આંકડો ૫.૭ ટકા રહ્યો હતો જે અગાઉના ત્રિમાસિક ગાળામાં ૪.૬ ટકા હતો. એફઆઈઆઈ પ્રવાહના લીધે શેરબજારમાં તીવ્ર તેજી જામી છે. એફઆઈઆઈ પ્રવાહનો આંકડો ૪૪૪૨૬ કરોડ સુધી પહોચી ગયોછે. જ્યારે મ્યુચ્યુઅલ ફંડ રોકાણનો આંકડો ૯મી મે અને ૨૮મી ઓગસ્ટ વચ્ચેના ગાળામાં ભારતીય ઈક્વીટીમાં ૧૪૦૧૨ કરોડ સુધી પહોંચ્યો છે. સેબી પાસેથી પ્રાપ્ત આંકડામાં આ મુજબની માહિતી આપવામાં આવી છે. જોકે, ઈન્ડેક્સ હેવીવેઈટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને આઈટીસીમાં હાલત કફોડી રહી છે. એફએમસીજી સિવાય તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં હાલત કફોડી રહી છે. કેપિટલ ગુડ્સ, મેટલ, રિયાલિટી, પાવર અને બેંકેક્સમાં તેજી જામી છે.કેપિટલ ગુડ્સના શેરમાં નવી આશા રહી છે. માર્કેટ બ્રિડ્થ ખૂબ જ હકારાત્મક રહી હતી. ૧૯૨૬ શેરમાં તેજી અને ૧૦૦૮ શેરમાં મંદી રહી હતી. શેરબજારમાં હાલમાં તેજી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. આજે દિવસ દરમિયાન જેમાં સૌથી વધુ તેજી નોંધાઈ હતી.

ભાજપ પ્રમુખ અમિત શાહ ચોથીએ મુંબઈમાં પહોંચશે

મુંબઈ,તા. ૧

મહારાષ્ટ્રમાં ટુંક સમયમાં યોજનાર વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપે જોરાદર તૈયારી શરૂ કરી દીધી હોવાના અહેવાલ મળ્યા છે. મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી આડે બે મહિનાનો સમય રહ્યો છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ તેમજ શિવ સેના અને એનસીપીએ પોત પોતાની રીતે તૈયારી શરૂ કરી દીધી છે. તૈયારીના ભાગરૂપે હવે ભાજપ પ્રમુખ અમિત શાહ દેશના વાણિજ્ય

પાટનગર મુંબઈ પહોંચી રહ્યા છે. અમિત શાહ આક્રમક યોજના અને પ્લાન સાથે ચોથીએ મુંબઈ પહોંચનાર છે. ભાજપના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ અમિત શાહની મુંબઈની આ પ્રથમ યાત્રા છે. ભાજપ કોર કમિટીની બેઠકમાં અમિત શાહ હાજર રહેશે. આ બેઠક વિધાન પરિષદમાં વિપક્ષના નેતા વિનોદ તાવડોના વીલે પાર્લે સ્થિત આવાસ પર યોજાશે. અમિત શાહ એ જ દિવસે સાંજે માટુન્ગામાં ષષ્ણુખાનંદ હોલમાં પાર્ટીના કાર્યકરો સાથે વિસ્તારપૂર્વક વાતચીત કરનાર છે. અમિત શાહની આ મુંબઈ યાત્રાને રાજકીયરીતે ખુબ ઉપયોગી ગણવામાં આવે છે. કારણ કે મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય ગરમી પહેલાથી જ ચરમસીમા પર પહોંચી ચુકી છે.

વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી નથી પરંતુ પ્રતિષ્ઠાજનક ચૂંટણીને લઈને તમામ પક્ષો સાવધાન છે. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવીને અનેક રાજ્યોમાં તમામ બેઠકો જીતી લીધા બાદ કોંગ્રેસ હવે સાવધાન છે. કોંગ્રેસના નેતાઓ તેમની સત્તા મહારાષ્ટ્ર જેવા ચાવીરૂપ રાજ્યમાં જતી રહે તેમ ઇચ્છતા નથી. જેથી કોંગ્રેસના તમામ નેતાઓ પણ કામે લાગેલા છે.

હરિયાળું હરણોદ્યાન (પાના નં. ૪ નું ચાલુ)

કેમ ગાભા અમે બધાં નથી.

'તમે બગીચામાં કામ કરજો.'

'અલ્યા ભેંસ ભાગોળેને છાસ છાગોળે જેવી વાતો કરો છો. પાંજરા બનવા દો... હરણને આવવા દો. પછી જેની જેવી આવડત હશે એવું કામ મળી રહેશે.'

'ના... સાહેબ આ આતાજીને ડંડો પછાડતાં આવડે છે એને ચોકીદાર બનાવજો.'

'ભલે... ભલે...'

'અચાનક જીપનો અવાજ આવતાં ગાભાજી તંદ્રામાંથી ઝબકી ગયા. ત્યાં ધૂળ ઉડાડતી જીપ સામે આવીને ઊભી રહી તેમાંથી બે જુવાનીયા ઉતર્યા.'

ગાભાજી ઉભા થઇ જીપ પાસે ગયા. જોયું તો જીપમાં એક ઘાયલ મોરને લાવવામાં આવ્યો હતો.

મારી સાથે વાત થયા પછી ગાભાજીને બોલાવી મેં મોરને ઉતારવાની વ્યવસ્થા કરવા જણાવ્યું અને વેટરનરી ડૉકટર ભાડસીયાને ફોન કર્યો.

'સાહેબ કેટલા વાગ્યા?' ફરી એકવાર ગાભાજી એ મને પ્રશ્ન કર્યો.

'કેમ?'

'મારે જવું હતું ને...'

તો આટલી વારથી કેમ બેસી રહ્યા હતા અને શું વિચારમાં ખોવાયેલાં હતા.

'સાહેબ પાછળી બછી વાતો ભૂલાતી જ નથી.' વિચારમાં ચડી ગયેલો. હવે જાઉં.

'જાવ, પણ વહેલા પાછા આવજો આ મોરની સારવાર માટે ડૉકટર આવવના છે. કદાચ તમારી પણ જરૂર પડે.' મેં કહ્યું.

(ક્રમશઃ)

હવે સ્પાઈસ જેટ દ્વારા ૪૯૯ ભાડાની ઓફર

નવી દિલ્હી,તા. ૧

માર્કેટ હિસ્સેદારીની દૃષ્ટિએ દેશની બીજી સૌથી મોટી એરલાઈન્સ સ્પાઈસ જેટે આજે વધુ એક મર્યાદીત ગાળાની સ્પેશિયલ ભાડાની સ્કિમ શરૂ કરી હતી. અર્લી બર્ડ નામથી આ સ્કીમ શરૂ કરવામાં આવી છે જેના ભાગરૂપે સ્થાનિક નેટવર્ક ઉપર ૪૯૯ રૂપિયાના ભાડામાં ઓફર કરવામાં આવી છે. આજથી ત્રણ દિવસની શરૂ થયેલી આ ઓફર માટે બુકીંગની શરૂઆત થઈ ચુકી છે. પ્રવાસનો ગાળો ૧૬મી જાન્યુઆરીથી ૨૪મી ઓક્ટોબર વચ્ચેનો રહેશે.

મુંબઈમાં એક અખબારી યાદીમાં સ્પાઈસ જેટે આ મુજબની માહિતી આપી છે. સ્પાઈસ જેટે ભારતમાં જુદા-જુદા સ્થળો પર જવા માટે આ ઓફર કરવામાં આવી છે. જેમાં એક તરફનું ભાડું ૪૯૯ રૂપિયાથી શરૂ થશે. જેમાં ફ્યુઅલ સર્ચાર્જ સામેલ છે પરંતુ લાગુ થતાં તમામ ટેક્સ અને ફિનો સમાવેશ કરાયો નથી. આ વેચાણને લઈને કસ્ટમરો અગાઉની યોજના બનાવી ચુક્યા છે. વેચાણની ઓફર તમામ સીધી, વાયા અને કનેક્ટીંગ ફ્લાઈટ પર લાગુ થશે.આ એરલાઈન્સ ૩૪૦ દરરોજની ફ્લાઈટો ભારતમાં ૪૯ સ્થળોની ધરાવે છે.

હજારો કેદીઓને મુક્તિ મળે તેવી શક્યતા

સજા પૈકી અડધી સજા ભોગવી ચુકેલા આરોપીને છોડી મુકાશે

નવી દિલ્હી,તા. ૧

નરેન્દ્ર મોદી સરકારે હવે નવી હિલચાલ હાથ ધરી છે. જેના કારણે જુદા જુદા ગુનાઓમાં થયેલી સજા પૈકી અડધી સજા ભોગવી ચુકેલા હજારો કેદીઓને મુક્ત કરવામાં આવે તેવી શક્યતા છે. જો કે આ નવી હિલચલા એવા કેદીઓને લાગુ પડશે નહી જે આજીવન કારાવાસની સજા ભોગવી રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ એવો અંદાજ છે કે દેશભરમાં ૩.૮૧ લાખ કેદીઓ છે જે પૈકી આશરે ૨.૫૪ લાખ અથવા તો બે તૃતિયાશ કાચા કામના કેદીઓ છે. અથવા તો અંડર ટ્રાયલ છે. આ કાચા કામના કેદીઓ પૈકી અનેક જો તેમને દોષિત જાહેર કરવામાં આવે તો તેમને જે સજા થઇ શકે છે તે પૈકી વધારે સમય જેલમાં ગાળી ચુક્યા છે. જ્યુડિસિયલ સુધારાની દિશામાં સરકાર આગળ વધી રહી છે. મોદી સરકારની આ પહેલને ખુબ ઉપયોગી ગણવામાં આવે છે. સત્તામાં પ્રથમ વર્ષે મોદી સરકારની અસરકારક કામગીરી પૈકી એક તરીકે આને ગણવામાં આવે છે. આ ઉપરાંત કેસોના ઝડપી નિકાલ પર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સમગ્ર મામલે કાયદા અને ગૃહ મંત્રાલય દ્વારા વિચારણા ચાલી રહી છે. સુત્રોએ કહ્યું છે કે કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહ અને કાયદા પ્રધાન રવિ શંકર પ્રસાદ તમામ મુદ્દા પર વાતચીત કરી રહ્યા છે. ૨૬મી ઓગષ્ટના દિવસે યોજાયેલી બેઠકમાં આ મુદ્દો હાથ ધરવામાં આવ્યો હતો. એ વખતે ગૃહ રાજ્યપ્રધાન કિરેન રિજ્જુએ કાયદા મંત્રાલયમાં એક મહત્વની બેઠક બોલાવી હતી. જેમાં પ્રસાદ અને કાયદા સચિવ હાજર રહ્યા હતા.

જ્યુડિસિયલ સુધારાની દિશામાં સરકાર ઝડપથી આગળ વધી રહી છે. સીઆરપીસીની કલમ ૪૩૬ એમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે જો કોઈ અંડરટ્રાયલ ગુના માટે મહત્તમ સજાની જોગવાઈ પૈકીની અડધી સજા ભોગવી ચુક્યો છે તો તેને પર્સનલ બોન્ડના આધાર પર મુક્ત કરી શકાય છે. જો કે આ કલમ મૃત્યુદંડ અથવા તો આજીવન કારાવાસની સજા ભોગવી રહેલા લોકો માટે લાગુ પડશે નહી. કેન્દ્રિય ગૃહ મંત્રાલય આવા અડંરટ્રાયલની સમીક્ષા કરવા તમામ રાજ્યોને પત્ર લખીને જાણ કરશે. સાથે સાથે આવા કેદીઓને મુકત કરવાની દિશામાં સરકાર આગળ વધશે.

ટેબલેટ માર્કેટમાં માઈક્રોમેક્સે એપલને પછડાટ આપી દીધી

નવી દિલ્હી,તા. ૧

માઈક્રોમેક્સે ભારતીય ટેબલેટ માર્કેટમાં એપલને પછડાટ આપવામાં સફળતા મેળવી છે. ભારતમાં ટેબલેટ માર્કેટમાં જુદી-જુદી કંપનીઓ વચ્ચે જોરદાર સ્પર્ધા ચાલી રહી છે. ઈન્ટરનેશનલ ડેટા કોર્પોરેશન દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. આઈડીસી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, બીજા ત્રિમાસિક ગાળામાં જોરદાર દેખાવના પરિણામ સ્વરૂપે માઈક્રોમેક્સ કંપની એપલને પછડાટ આપવામાં સફળ રહી છે. સેમસંગ ૧૯ ટકા માર્કેટ હિસ્સેદારીની સાથે ભારતીય ટેબલેટ માર્કેટમાં પ્રથમ સ્થાને છે. ત્યારબાદ માઈક્રોમેક્સ ૧૪ ટકા અને એપલ ૯ ટકા સાથે છે. ભારતમાં ટેબલેટ સિપમેન્ટનો આંકડો વર્ષ ૨૦૧૪ના બીજા ત્રિમાસિક ગાળામાં ૦.૮૬ મિલીયન યુનિટ છે. તેમાં નવ ટકાનો વધારો નોંધાયો છે. એન્ડ્રોઈડ સૌથી પસંદગીની ઓપરેટીંગ સિસ્ટમ તરીકે છે. ૮૯.૬ ટકા માર્કેટ હિસ્સેદારી સાથે એન્ડ્રોઈડ આગામી થોડાક વર્ષોમાં ૮૦ ટકાના આંકડાને પાર કરે તેવી શક્યતા છે. વિન્ડો ઓપરેટીંગ સિસ્ટમની સ્થિતિ પણ સારી છે.

આઈએમના બધા સક્રીય મોડલ ફ્લોપ : અહેવાલ

યાસીન ભટકલની ધરપકડ કરવામાં આવ્યા બાદ ઈન્ડિયન મુઝાહિદ્દીનના તમામ સક્રિય મોડલ ખૂબ જ કફોડી હાલતમાં છે. ઈન્ટેલીજન્સ સંસ્થાઓ અને એન્ટી ટેરર યુનિટનું કહેવું છે કે, આતંકવાદી સંગઠનની ગતિવિધિ ઉપર બ્રેક મુકી દેવામાં આવી છે. તેમની સાયબર મુવમેન્ટ, નાણાકીય પ્રવૃત્તિ પર બ્રેક મુકી દેવામાં આવી છે. બીજીબાજુ સીમી દ્વારા વારંવાર કેટલાક કટ્ટરપંથીઓને લઈને પોતાની ભૂમિકા મજબુત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. જોકે, આતંકવાદી સંગઠનોના સ્લીપરસેલને લઈને ઈન્ટેલીજન્સ સંસ્થાઓ અને એન્ટી ટેરર યુનિટ દ્વારા હજુ સુધી કોઈ વાત કરવામાં આવી નથી.

નેપાળમાં સાર્ક ગૃહપ્રધાનોની બેઠક

પાકિસ્તાનના ગૃહમંત્રીને રાજનાથસિંહ મળશે નહીં

નવી દિલ્હી,તા. ૧

કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહે કહ્યું છે કે, નેપાળમાં સાર્ક પરિષદ દરમિયાન તેમના પાકિસ્તાની સમકક્ષ સાથે વાતચીતની તેમની કોઈ યોજના નથી. રાજનાથસિંહ સાર્ક પરિષદમાં ભાગ લેવા માટે નેપાળ જનાર છે. આ મહિનામાં મોડેથી સાર્ક શિખર બેઠક યોજાનાર છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, રાજનાથસિંહ નક્કરપણે માને છે કે આતંકવાદ અને મંત્રણાની પ્રક્રિયા એક સાથે ચાલી શકે નહીં. જ્યાં સુધી પાકિસ્તાન આતંકવાદી ગતિવિધિને રોકશે નહીં અને મંત્રણાના રસ્તે આવશે નહીં ત્યાં સુધી તેની સાથે કોઈ રચનાત્મક વાતચીત થશે નહીં. સાર્ક ગૃહ પ્રધાનોની શિખર બેઠકમાં હાજરી આપવા રાજનાથસિંહ ૧૮ અને ૧૯ મી સપ્ટેમ્બરના દિવસે નેપાળ જનાર છે. ભારત-પાકિસ્તાન સરહદ ઉપર યુદ્ધ વિરામના વારંવાર ભંગ બદલ પાકિસ્તાનની સિંહ દ્વારા જોરદાર ઝાટકણી કાઢવામાં આવ્યા બાદ ગૃહમંત્રાલય તરફથી આ નિવેદન જારી કરાયું છે. દ્વિપક્ષીય સંબંધો આડે યુદ્ધ વિરામ ભંગ અડચણરૂપ છે. રાજનાથસિંહનું કહેવું છે કે ભારત તમામ પડોશી દેશો સાથે શાંતિપૂર્ણ સંબંધ ઈચ્છે છે, પરંતુ જો યુદ્ધ વિરામનો ભંગ જારી રહેશે તો યોગ્ય જવાબ અપાશે.

મોદી જાપાનની એક સ્કુલમાં પણ પહોંચ્યા

જાપાન, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાપાનની શિક્ષણ પ્રણાલીને સમજવા માટે એક વિદ્યાર્થી તરીકે ૧૩૬ વર્ષ જુની સ્કુલમાં પહોંચ્યા હતા. આવી જ પ્રણાલી પોતાના દેશમાં પણ લાગુ કરવાનો હેતુ નરેન્દ્ર મોદી ધરાવે છે. વડાપ્રધાને ભારતમાં જાપાની ભાષા ભણાવવા માટે અહીંના શિક્ષકોને આમંત્રણ આપ્યું હતું અને ૨૧મી સદીને યોગ્ય દૃષ્ટિએ એશિયાની સદી બનાવવાના હેતુસર એશિયન દેશોમાં ભાષા અને સામાજિક મુલ્યો માટે સહકારની વાત કરી હતી. મોદીએ ઓનલાઈન પાઠ્યક્રમની પણ દરખાસ્ત મુકી હતી.

સમાચાર ઝલક

- ૮૦૦ વર્ષ પછી નાલંદા યુનિવર્સિટીના દ્વાર ખુલ્યા.
- મહારાષ્ટ્રના વિદર્ભમાં વાવાઝોડા સાથે વરસાદ-વીજળી પડતાં ૧૧ નાં મોત.
- ઈબોલા તાવને કંટ્રોલમાં લાવતાં ૮ માસ થશે : વિશ્વ આરોગ્ય સંસ્થા.
- શેરબજારમાં સેન્સેક્સ, નિફ્ટી ઐતિહાસિક સપાટી તોડતા જ જાય છે.
- ઈરાકમાં આત્મઘાતી બોંબથી ૩૭નાં મોત, સુરક્ષા કર્મીઓ પણ સામેલ.
- તા. ૫મી સપ્ટેમ્બરે શિક્ષક દિનની વિશિષ્ટ રીતે ગુજરાતમાં ઉજવણી થશે.
- કબડ્ડી સ્પર્ધામાં જયપુર ટીમનો વિજય થયો.
- પંજાબમાં મહિલાઓને ધમકી બદલ પોલીસ વડા શ્રી ગૌતમ સામે પોલીસ ફરિયાદ દાખલ કરાઈ.
- રાજ્યભરમાં ચોમાસામાં કુદરતી મૃત્યુ ૮૨ થયા.
- અમરેલી જિલ્લાના હરીપુરા પ્રાથમિક શાળાની ઓચિંતી મુલાકાત લેતા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ.
- ફિલ્મ અભિનેતા બીગ બોસ અમિતાભ બચ્ચનને વાયરલ ફીવરની અસર.
- આજથી રેલવેએ ૫૭ ટ્રેનો ચાલુ કરી. અંદાજપત્રમાં રજુ કરેલ હતી તે ટ્રેનો ચાલુ કરાઈ.
- પટનામાં કિસાનો ૭૨ કલાકના અનશન પર બેઠા.
- હરિદ્વારમાં વૃદ્ધાને પોતાના ઘરમાં બાંધીને લુંટારુંઓએ લુંટ કરી.
- પાસપોર્ટ ઓફિસોમાંથી વચેટિયાઓને દુર કરવાની કામગીરી શરુ કરાઈ.
- નર્મદા કેનાલો પર આપઘાત રોકવા માટે દિવાલો બનાવાશે.